રે.મુ.નં.૮૧૫/૨૦૧૬.

## આંક-૫ ની મનાઇ અરજ લગત હુકમ

૧. **પ્રસ્તાવનાઃ-**

સદરહુ દાવો વાદીએ રૂ૦.૧૦૦૦/- ના આંકથી હક્ક સ્થાપન તથા કાયમી તાકીદ મેળવવા માટે તેમજ આદેશાત્મક હુકમ મેળવવા બાબતે તા. ૩૦/૧૧/૧૬ ના રોજ દાખલ કરેલ છે અને તેમાં આંક-૫ થી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા માટે હાલની અરજી આપેલી છે.

૨. **વાદીના કેસની વિગતો સંક્ષિપ્તમાં-**

૨-એ વાદીનું પક્ષ નિવેદન/ પ્લીડીંગઃ-

આ કામે વાદી સદરહુ દાવો મ્યુનીસીપલ કમિશ્નર, વડોદરા મહાનગર સેવાસદન ખંડેરાવ માર્કેટ બીલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરાની સામે દાખલ કરેલ છે અને એવુ જણાવેલ છે કે, વાદી પોતે રામદેવનગર-૨,સયાજીપાર્ક. આજવા રોડ,વડોદરા ખાતે પોતાના કુટુંબ કબીલા સાથે રહે છે અને તેઓને કીશનવાડી ઝુંપડપટ્ટીમાં ટી.પી. સ્કીમ આવતા સને ૧૯૯૨ માં સ્થાઇકરણ મુજબ કલેકટરશ્રી, વડોદરાના આદેશથી મ્યુનીસીપલ કમીશ્નરશ્રી વડોદરાનાઓ દ્વારા યુ.એલ. સી. પ્લોટો કે જે મોજે સયાજીપુરાની ફાજલ જમીન જેનો રે. સ. નં. ૬૪/૧ વાળી જમીનમાં સને ૧૯૯૨ માં ફાળવી આપવામાં આવેલ જેમાં કુલ પ્લોટો ૩૮૮ ફાળવેલા અને જે તે સમયથી વાદીના નામે પ્લોટો ફાળવેલા જેમાં છેલ્લા ૩૦ વર્ષથી વાદી તેમના કુટુંબ કબીલા સાથે વસવાટ કરે છે. વધુમાં વાદીએ એવું જણાવેલ છે કે, ગુજરાત સરકારશ્રી દ્વારા યોગ્ય માપણી તેમજ નકશા, પ્લાન મુજબ યુ. એલ. સી. પ્લોટના ટાઉન પ્લાનીંગ મંજુર થયા મુજબ જે તે ઇસમ પાસેથી યુ.એલ. સી. પ્લોટની ફાળવણી અંગેના રૂ૦ ૨૫૦/- જમા

લીધેથી જમીનનો કબજો સુપ્રત કરવામાં આવેલો અને ઘણાં લાંબા સમય બાદ આશરે ૩૦ વર્ષ બાદ માપણી કચેરીના ટી.પી. સ્કીમના અધિકારીઓ કે જેઓ ૧૫ દિવસ ઉપર સ્થળ ઉપર આવીને માપણી કરેલી અને વાદીના મકાન નં. ૩૪૨, ૩૪૬,૩૪૭,૩૪૮ અને ૩૪૯ વાળા કુલ ૬ પ્લોટ જેમા ટી. પી. રસ્તો કાયમ માટે ટાઉન પ્લાનીંગમાં અગાઉના પ્લાનીંગ નકશામાં આશરે ૩૦ વરસ બાદ ફેરફાર કરી વાદીઓ કે જે મકાનોમાં આશરે ૩૦ વર્ષ ઉપરાંતના સમયથી વસવાટ કરતા આવેલા છે તે મકાનો દબાણોમાં આવેલા છે જે અંગેની ગેરકાયદેસરની માપણી કરી વાદીઓના મકાનો તોડી તેના ઉપર કાયદાના ધારા ધોરણો તથા જોગવાઇ વિરૂધ્ધ મનસ્વીરીતે ટી.પી. પાડવા અંગેની માપણી કરવામાં આવેલ છે તેવું કથન કરેલ છે. વધુમાં વાદીએ એવું કથન કરેલ છે કે જે જગ્યામાં વાદીનું મકાન આવેલ છે તે જગ્યા સરકારશ્રીએ શહેરી જમીન ટોચ મર્યાદા ધારા અન્વયે સ્થાઇકરણ યોજના અન્વયે કલેકટરના પત્રથી મંજુરીથી ટી.પી. ના રોડ, રસ્તા, મકાનો માપણી કરી અને તે મુજબના પ્લોટીંગ ૧૯૮૯ માં વડોદરા મહાનગર સેવા સદન દ્વારા ફાળવણી કરેલ અને ૧૯૯૨ થી સદરહુ જગ્યા ના. કલેકટરશ્રી જ.સુ. ના હુકમ અનુસાર તમામ અરજદારોને સ્થાઇકરણ મુજબ પ્લોટો ફાળવેલા અને ત્યારથી વાદી તે જગ્યાના કાયદેસરના માલીક કબજેદાર થયેલા છે અને વાદીઓને રહેણાંકના જે પ્લોટો આવેલા છે તે તમામ પ્લોટો એક જ લાઇનમાં આવેલા છે. મકાનની પાછળના ભાગે આવેલ વ્રજધામ સોસાયટીના માલીકો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી બાંધકામ કરેલ છે તેમ છતાં વાદીઓના માલીકી કબજા ભોગવટાની મિલ્કત જમીન કોઇ પણ જાતના ગેરકાયદેસરનું દબાણ ન હોવા છતાં વાદીઓએ ગેરકાયદેસર દબાણ કરેલ છે તેમ જણાવી અને નોટીસ પાઠવવામાં આવેલ છે. વધુમાં

એવું જણાવેલ છે કે, ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ,૧૯૭૬ ની કલમ-૪૮ *(૨)* હેઠળ ગુજરાત સરકારે જી.એચ./વી/૧૨/ઓ. એફ. ૨૦૦૪/ટી.પા.એસ./૨૦૦૩/૨૮૫ તા. ૨૯/૪/૦૪ થી ટી.પી.માં સ્થળ પર સ્થળ સ્થિતિનો જગ્યા જોયા વગર તેમજ ત્યાં રહેતા વાદીઓને કોઈપણ જાતની રજુઆત કરવાની તક આપ્યા વગર ખોટી અને મનસ્વીરીતે રહેઠાણ મકાનની વચ્ચે ૭.૫ મીટરનો રોડ પાડવાનો ખોટો ઠરાવ કરેલ છે અને રોડ બનાવવા માટે વાદીઓના મકાનની પાછળના ભાગે આવેલ વ્રજધામ સોસાયટીના મકાન માલીકોને કોઈપણ જાતની નોટીસ પાઠવ્યા સિવાય માત્ર અને માત્ર વાદીઓના મકાનો કે જેમાં ગેરકાયદેસરનું બાંધકામ કરેલ ના હોવા છતાં પણ મકાનો તોડી પાડવા માટે નોટીસ પાઠવેલ છે વધુમાં અવું જણાવેલ છે કે, મે. નાયબ કલેકટરશ્રી *(જ.સુ.)* વડોદરાનાઓએ મોજે સયાજીપુરા , તા.જી. વડોદરાના રે.સ.નં. ૬૪/૧ ક્ષેત્રફળ ૧૬૯૬૧ ચો.મી. ૪૮૫ પ્લોટ પૈકી આયોજીત પ્લોટ નં. ૩૯૧ ફાળવેલ પ્લોટ નં. ૨૮૮ જે કલમ ૨૩/બ હેઠળ દરખાસ્ત નં. ૪૬ થી ફાળવેલ છે અને સદરહુ જમીનમાં છેલ્લા ૩૦ વર્ષના સમય ઉપરાંતથી વાદીઓ રહે છે પરંતુ સદરહુ જમીનના મુળ ખંડ ૯૮ મુજબનું ક્ષેત્રફળ ૧૮૨૧૧ ચોરસ મીટર છે તેના બદલામા અંતીમ ખંડ ૯૮ ક્ષેત્રફળ ૧૯૦૭૮ ચોરસ મીટર ફાળવેલુ તેવું ૩૦ વર્ષના સમયગાળા બાદ જે તે રહેણાંક વિસ્તારના લોકોને સ્થાઇકરણ યોજના મુજબ અન્ય મકાનો તોડી રામદેવનગર-૨ માં ફાળવેલ જે મકાનોમાં વાદીઓ ૩૦ વર્ષ ઉપરાંતથી પોતાના બાળબચ્ચા સાથે મજુરી કરી જીવન વિતાવે છે અને આર્થીકરીતે નબળા વર્ગના ઇસમો છે અને તેઓને હેરાન પરેશાન કરવા માટે આવી ખોટી નોટીસ આપેલી છે તથા એવી વિગત જણાવી છે કે,

૧૯૯૨ માં પ્લોટ ફઆળવેલા ત્યાર તેનો રસ્તો સર્વે નં.૬૬ માંથી નેળીયા રસ્તો કલેકટરશ્રી તથા મામલતદાર તથા અન્ય અધિકારીઓ દ્વારા મંજુર કરવામાં આવેલ છે. પરંતુ સદરહુ જગ્યામાં સોસાયટી આવવાથી કોર્પોરેશનના અધિકારીઓએ પોતાના મનસ્વી રીતે સોસાયટીમાં વાદીના રસ્તાનું દબાણ કરાવી અને વૈકલ્પીક વ્યવસ્થાના ભાગરૂપે તમામ પ્લોટ ધારકોને સદર સોસાયટીના રોડનો ઉપયોગ કરવાની છુટ આપેલી અને આટલા લાંબા અરસાથી સદર સોસાયટીના રોડનો જ ઉપયોગ ઉપભોગ વિના અંતરાયે કરતા આવેલા છે અને તે રસ્તો સુવિધાસભર છે. વધુમાં વાદીનું કથન છે, એક વખત ટી.પી. ફાયનલ થયેલ હોય અને તે મુજબના રસ્તા રેસાની જમીન સંપાદીત કરેલ હોઈ અને જે મુજબના દક્ષીણ દિશાએ વ્રજધામ સોસાયટીમાં ટી.પી. નો ૧૨ મીટર નો રોડ આવેલ છે જે વાદીઓને નોટીસ પાઢવવામાં આવેલ છે તે જગ્યાએથી માત્ર સોસાયટીનો આંતરીક રોડ આવેલ છે અને જે રોજ આગળ ઉત્તર દિશાએ વાદીઓના રહેણાંકના મકાનોની સામે આવેલ છે તે રોડ માત્ર સોસાયટીના અવર-જવર માટેનો આવેલો છે તે રોજ ટી.પી.ના કાયદામાં સમાવેશ થતો નથી કે તે રોડ અંગે કોઇ ટી.પી. ફાયનલ સ્કીમ તૈયાર કરવામાં આવેલ નથી જેથી પણ આપવામાં આવેલ નોટીસ ગેરકાયદેસરની અને ગેરવ્યાજબી છે અને તે રસ્તામાંથી કોઈ પણ વ્યક્તિને લાભ થવાનો નથી તેમ જણાવેલ છે. આમ, વાદીને હાલનો દાવો કરવાની જરૂરીઆત એટલે ઉતપન્ન થયેલ છે કારણ કે દાવાવાળી મિલ્કત જે દાવાના પેરા-૨ માં જણાવેલ છે તે સોસાયટીના જમીન ઉપર કરવામા આવેલ બાંધકામ કાયદેસરનું હોઈ તે બાંધકામ કાયદેસરની પરવાનગી મેળવીને કરવામાં આવેલ હોય તેમ છતાં પ્રતિવાદીઓએ ખોટા દસ્તાવેજો રજુ કરી ગેરકાયદેસર ઠરાવી તોડી પાડવા

માટેની કાર્યવાહી ચાલુ કરી અને નોટીસ આપી ત્યારે દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે અને વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે અને નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકસાન વાદીને થાય તેમ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમજ વાદીની તરફેણમાં છે અને તેથી પણ સગવડતાની દૃષ્ટીએ પણ મનાઇ હુકમ આપવો જરૂરી છે અને તેથી એવી માંગણી કરેલી છે કે દાવાવાળી મિલ્કતમાં ગેરકાયદેસર રોડ બનાવવાની કાર્યવાહી ચાલુ હોઇ તે રોડ રસ્તાની કોઇ પણ વ્યક્તિને જરૂરીઆત ન હોવા છતાં તે કાર્યવાહી ખોટી અને ગેરકાયદેસરની છે તેથી આ દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી કામ ચલાઉ મનાઇ હુકમ આપી અને આ અરજી મંજુર કરવી જોઇએ અને પ્રતિવાદીઓ દાવાવાળી જગ્યામાં કોઇ પણ જાતનો ફેરફાર કરે કરાવે નહીં તેવો દાવાના અખરી નિકાલ સુધી યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમ ફરમાવવા અરજ આપેલી છે.

(બી) આ કામે પ્રતિવાદી નં.૧ તરફે જવાબ રજુ થયા બાદ વાદીએ કાઉન્ટર એફીડેવીટ આંક–૧૬ થી રજુ કરેલ છે અને તેમાં જવાબની તમામ હકીકતો ખોટી છે તેવું જણાવેલ છે અને ત્યારબાદ એવી હકકીત જણાવે છે કે, વાદીઓ દાવાના સરનામે તેમના કુટુંબ કબીલા સાથે રહેતા આવેલા છે જયારે આ કામના પ્રતિવાદીની ઉપરોકત જણાવેલ સરનામે ઓફીસ આવેલ છે. તેઓ વાદીઓને કિશનવાજી ઝુંપડપટ્ટીમાં ટી.પી.સ્કીમ આવતા સને ૧૯૯૨ માં સ્થાયીકરણ મુજબ કલેકટરશ્રી વડોદરાના આદેશથી મ્યુની.કમી.શ્રી વડોદરાનાઓ દ્વારા યુ.એલ. સી.પ્લોટો કે જે મોજે સયાજીપુરાની ફાજલ જમીન જેનો રે.સ.નં. ૬૪/૧ વાળી જમીનમાં સને ૧૯૯૨ મા ફાળવી આપલામાં આવેલા જેમાં રુલ પ્લોટો ૩૮૮ ફાળવેલ છે. જે તે સમયથીમ વાદીઓના નામે પ્લોટો ફાળવેલા છે તેમાં છેલ્લા ૩૦

વર્ષથી વાદીઓ વસવાટ કરે છે. જેમાં ગુજરાત સરકાર દ્વારો યોગ્ય માંપણી તેમજ નકશા પ્લાન મુજબ યુ.એલ. સી.પ્લોટના ટાઇન પ્લાનીંગ મંજુર થયા મુજબ જે તે ઇસમ પાસેથી પ્લોટ ફાળવણીના રૂ઼ ૨૫૦/- જમા લીધેથી જમીનનો કબજો સુપ્રત કરવામાં આવેલો છે. ૩૦ વર્ષ બાદ માપણી કચેરીના અધુકારીઓ જેઓ ૧૫ દિવસ પહેલા સ્થળ પર આવેલા અને માપણી કરેલી અમે વાદીઓને મકાન નં. ૩૪૨ ,૩૪૩, ૩૪૬, ૩૪૭, ૩૪૮, ૩૪૯ વાળા છ પ્લોટો જેમા હાલ ટી.પી. રસેતો કાયમના માટે ટાઉન પ્લાનીંગમાં અગાઉના પ્લાનીંગ નકશામાં આશરે ૩૦ વર્ષ બાદ ફેરફાર કરી વાદીઓ જે મકાનોમાં ૩૦ વર્ષ ઉપરાંતથી રહેતા આવેલા છે તે મકાનો દબાણોમાં આવેલ ચે જે અંગેની ગેરકાયદેસ માપણી કરી કાયદાના ધારાધોરણો તથા જોગવાઇઓ વિરૂધ્ધ મનસ્વી રીતે ટી.પી.પાડવા અંગેની માપણી કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી નગર આયોજનથી એટલે કે ટી.પી.સ્કીમના આયોજનથી જે રોડ રસ્તા બનાવવા માંગો છો તે અગાઉ મંજુર થયેલા પ્લાન મુજબ પણ થઇ થકે તેમ છે. જેથી પ્રતિવાદીઓ તેઓની નોટીસમાં તથા તેઓના જવાબમાં જે નવીન પ્લાન મુજબ રોડ રસ્તાનું આયોજન કરવાનું જણાવે છે તે બીન જરૂરી અને ગેરકાયદેસરનું છે. તેઓ વધુમાં જણાવે છે કે, ટી.પી.પ્લાન બનાવતી વખતે એકટની કલમ ૭(૧)(૩) તથા મુસદ્ધારૂપ નગર રચના યોજના બનાવતી વખતે એકટની કલમ ૨૩(૧)(૩) મુજબ સર્વે કરવો જોઇએ. પ્રતિવાદીઓ દ્વારા થયેલ ટેકનીકલ સર્વે ખામીયુકત છે. મોજે સયાજીપુરા રે.સ.નં.૬૪/૧ વાળી જમીનનો થયેલો ઉપયોગ અને કરવામાં આવેલો ઉપયોગ અને સ્થળ સ્થિતિ પ્રમાણે શક્ય ઉપયોગ ધ્યાનમાં લીધા સીવાય નવીન પ્લાન બદઇરાદે તૈયાર કરવામાં આવેલ છે.

<u>૨–(બી)- પક્ષ નિવેદનના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજ અંગે -</u>

આ કામે વાદી તરફે પોતાના પક્ષ નિવેદનના સમર્થનમાં ની.૪/૧ થી ની. ૪/૧૦ સુધીના દસ્તાવેજ રજુ કરેલ છે જે આ કામનો નિર્ણય કરતી વખતે ધ્યાને લીધા.

<u>૨ (સી)- વાદી તરફે દલીલ સંક્ષીપ્તમાં-</u>

આ કામે વાદી તરફે વિ.વ.શ્રીએ દાવા અરજીમાં જણાવેલ કથનો તથા હાલની અરજીમાં જણાવેલ કથનો મુજબ દલીલ કરેલ છે અને દસ્તાવેજો જે ની. ૪/૧ થી ૪/૧૦ સુધીના રજુ કરેલ છે તેના ઉપર આધાર રાખેલ છે અને પ્રતિવાદીએ કોઇ જવાબ રજુ કરેલ નથી અને તેથી પ્રતિવાદી તરફે વાદીના કોઇ કથનને પડકારવામાં આવેલ નથી તેમ માની અને હાલની અરજી મંજુર કરવી જોઇએ અને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવા અરજ ગુજારેલ છે.

<u>૨(ડી)–વાદી તરફે રજુ થયેલ ઓથોરીટીઓ/ ચુકાદાઓ</u>

વાદીઓ તરફે કોઇ ઓથોરીટીઓ કે ચુકાદાઓ રજુ કરેલા નથી.

## ૩. <u>પ્રતિવાદી તરફે કેસની વિગતો સંક્ષીપ્તમાં</u>

### પ્રતિવાદી નં.૧ તરફે

<u>૩(એ)૧ જવાબની વિગત સંક્ષિપ્તમાં</u>

આ કામે પ્રતિવાદી તરફે નોટીસની બજવણી તા.૧/૧૨/૧૬ ના રોજ થઇ ગયેલ છે અને ત્યારબાદ તા. ૩૧/૧૨/૧૬ ના રોજ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ડી.એફ.શીંદે હાજર થયેલ છે અને આંક–૮ થી વકીલપત્ર રજુ કરેલ છે તથા આંક–૯ થી જવાબ રજુ કરવા માટે મુદ્દત અરજી આપેલ છે જે મંજુર કરવામાં આવેલ અને ત્યારબાદ સદરહુ કામ જવાબ માટે તા. ૩/૧૨/૧૬,૧૨/૧૨/૧૬,૧૯/૧૨/૧૬,૨૬/૧૨/૧૬,૨૯/૧૨/૧૬,૩૦/૧૨/ ૧૬, તથા તા. ૯/૧/૧૭ ના રોજ રાખવામાં આવેલ પરંતુ પ્રતિવાદી કે તેમના

વિ.વ.શ્રી જવાબ રજુ કરવા માટે હાજર રહેલા નથી અને તેથી વાદી તરફે જે આંક–૧૧ ની અરજી રજુ થયેલ છે જે મંજુર કરી અને પ્રતિવાદીના જવાબનુ સ્ટેજ બંધ કરવામાં આવેલ છે.પરંતુ ત્યારબાદ પ્રતિવાદી નં.૧ તરફે જવાબનુ સ્ટેજ ઓપન કરવાની અરજી આપ્યા બાદ આ કામે આંક–૧૪ થી જવાબ આપેલ છે અને તેમાં દાવા તથા મનાઇ અરજીની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે અને ત્યારબાદ એવું જણાવેલ છે કે, વાદીએ હાલનો દાવો ખોટી રીતે દાખલ કરેલ છે કારણ કે વાદી તેમના દાવામાં તેમજ ની.૫ માં જે આક્ષેપો રસ્તા રેષા ફેરફાર કરવા માટેના જે કન્સ્ટેશનલ સ્ટેટમેન્ટસ લાવેલા છે તે પ્રતિવાદી વિરૂધ્ધ ચાલી શકતા નથી કારણ કે તેવી કોઇ કાર્યવાહી કોર્પોરેશને કરવાની હોતી નથી. પરંતુ તે કાર્યવાહી ટાઉન પ્લાનીંગ ઓફીસ ધ્વારા કરવામાં આવે છે અને આ કામે વાદીએ ટાઉન પ્લાનીંગ અધિકારી જરૂરી પક્ષકાર છે તેમ છતાં તેઓને આ કામે પક્ષકાર કરીકે જોડેલ નથી. ટાઉન પ્લાનીંગનો કાયદો ગેઝેટમાં પ્રસિધ્ધ થઇ ગયા બાદ તે કાયદો બની જતો હોય છે અને તેતી તેને સીવીલ કોર્ટમાં ચેલેન્જ કરી શકાતો નથી અને સીવીલ કોર્ટને તેવા કોઇ હકકો નકકી કરવા પ્રથમ દર્શનિય કોઇ સત્તા મળતી નથી. વાદીએ ખોટી રીતે મ્યુની.કોર્પોરેશનને પક્ષકાર તરીકે જોડેલા નથી. તેમજ વાદીઓએ દાવાના કામે આદેશાત્મક હુકમની કરેલી છે તેવી કોઇ રીલીફ તેઓ તેમના દાવામાં કે આંક–૫ માં માંગતા નથી કે દાવાના કામે પણ તેવી કોઇ કાયમી દાદની માંગણી કરેલી નથી. તે સંજોગોમાં વાદીનો દાવો ચાલવાપાત્ર નથી તેમ જણાવી દાવો તથા મનાઇ હુકમની અરજી રદ્દ કરવા જણાવી રૂ૦ ૫૦૦૦/– કોમ્પેન્સેટરી કોસ્ટના તેમને વાદી પાસેથી અપાવવા જણાવેલ છે.

3(બી) પક્ષ નિવેદનના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજ અંગે -

આ કામે પ્રતિવાદીઓ તરફે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

3 (સી)પ્રતિવાદી તરફે દલીલ સંક્ષીપ્તમાં–

પ્રતિવાદી નં.૧ તરફે દલીલઃ– પ્રતિવાદી નં.૧ તરફે કોઇ દલીલ કરવામાં આવેલ નથી પરંતુ રેકર્ડ પર જે જવાબ છે તેની વિગતો ધ્યાનમાં લીધી.

પ્રતિવાદી નં.૨ તર્ફે

3(એ)૧

આ કામે પ્રતિવાદી નં.૨ ને નોટીસની બજવણી કરાવતા નોટીસની બજવણી થયેલ છે પરંતુ પ્રતિવાદી નં.૨ તરફે કોઇ હાજર નથી કે કોઇ મુદ્દતનો રીપોર્ટ નથી અને તેથી આ કામે પ્રતિવાદી નં.૨ તરફે દાવો એકતરફી ચલાવવાનો આંક–૧ નીચે હુકમ કરવામાં આવેલ છે જેથી પ્રતિવાદી નં.૨ તરફે કોઇ રજુઆત નથી.

3(ડી) પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ ઓથોરીટીઓ/ ચુકાદાઓઃ–

પ્રતિવાદી તરફે કોઇ ઓથોરીટીઓ કે ચુકાદાઓ રજુ કરેલ નથી.

૪. આ કામે આ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે તેમનો પ્રથમ દર્શનિય કેસ છે**?**

(૨) શું વાદી પુરવાર કરે છે કે બેલેન્સ ઓફ કન્વિનીયન્સ વાદીના લાભમાં છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે માંગ્યા મુજબનો મનાઈ હુકમ વાદીના લાભમાં ન આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકસાન થાય તેમ છે **?**

(૪) શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ અનુસાર

૫. **આખરી હુકમ અંગેના કારણો**

૫(એ) ઉપરોક્ત તમામ મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોઇ પુનઃરાવર્તન ટાળવા અને સરળતાખાતર ત્રણેય મુદ્દા જેમ કે વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે કે કેમ, ન્યાયની સમતુલા વાદીની તરફેણમાં છે કે તથા જો માંગ્યા મુજબનો વચગાળાનો મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવું પારાવાર નુકસાન થાય તેમ છે કે કેમ. તે તમામ મુદ્દા અંગેની ચર્ચા એકી સાથે નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

૫(બી)કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ વચગાળાનો મનાઇ હુકમ આપવા માટે જે વિગતો કોર્ટે ધ્યાને લેવાની હોય છે તેમાં એવું જોવાનું હોય છે કે શું પક્ષકારે જેના ધ્વારા વચગાળાનો મનાઇ હુકમ માંગવામાં આવ્યો છે તેવો પ્રથમ દર્શનિય કેસ છે કે કેમ, ન્યાયની સમતુલા તેના લાભમાં છે કે કેમ, તેવો જો મનાઇ હુકમ આપવામાં ન આવે તો મનાઇ હુકમ માંગનાર પક્ષકારોને નાણાંથી ભરપાઇ ન થઇ શકે કેવું નુકસાન થવાની સંભાવના છે કે કેમ તે જોવુ જરૂરી છે તે અંગે તથા યોગ્ય સ્થાને પ્રસ્તુત કેસના વિશિષ્ટ સંજોગો ધ્યાને લઇ અને તે અંગે કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંતની ચર્ચા યથાસ્થાને કરેલી છે.

૫(સી) સદરહુ કામમાં વાદીએ પોતે જે પક્ષ નિવેદન કરેલ છે તેમાં એવું જણાવેલ છે કે સને ૧૯૯૨ ના સાલમાં કિશનવાડી ઝુંપડપટ્ટીમાં ટી.પી.સ્કીમ થતાં સ્થાઇકરણ મુજબ કલેકટરશ્રી વડોદરાના આદેશથી મ્યુનીસીપલ કમિશ્નર વડોદરાનાઓ ધ્વારા યુ.એલ.સી. પ્લોટ કે જે સયાજીપુરાની ફાજલ જમીન આવેલ છે તે જમીન સર્વે નં. ૬૪/૧ માં કુલ ૩૮૮ પ્લોટ ફાળવેલા તેવું જણાવેલ છે પરંતુ આ કામે હાલના તબકકે પ્રથમ દર્શનિય રીતે આ વિગતો માનવા માટે અથવા તો તે વિગતે ફકત પક્ષ નિવેદન નથી પરંતુ તે આધાર પેટે હુકમ તથા જે કલેકટરશ્રીના આદેશ જણાવે છે તે આધારીત છે તેમ જણાવે છે તે અંગે કોઇ આધારરૂપ પુરાવો આ કામે હાલની અરજીના સમર્થનરૂપે પ્રથમ દર્શનિયરીતે આ વખતે માનવા લાયક હોય અને જેના આધારે વાદીઓને પ્લોટો ફાળવ્યા હોય તેવો કોઇ દસ્તાવેજ આ કામે રજુ કરવામાં આવેલ નથી. આમ, આ દાવાવાળી મિલ્કતના પ્લોટો વાદીઓને ફાળવ્યા હોય તેવો એક પણ આધારભુત પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી કે ફાળવણીનો કોઇ હુકમ પણ રજુ કરવામાં આવેલ નથી અને તેથી વાદીની આ વિગતો માનવા લાયક જણાતી નથી.

વાદીએ એવું જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૩૦ વર્ષોથી પોતાના કુટુંબ કબીલા સાથે વસવાટ કરે છે પરંતુ ચોકકસ કઇ તારીખે, મહીને કે વર્ષે અને કયા કાયદેસરના હુકમ આધારે આ દાવાવાળી મિલ્કતનો તેઓનો કબજો ધરાવે ભોગવટો છે તે અંગેનો કોઇ આધારભુત પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને જેથી પ્રથમ દર્શનિય રીતે વાદીની આ રજુઆત માનવાલાયક જણાતી નથી. (જો કે કબજો દર્શાવવા કોઇ પ્રથમ દર્શનિય પુરાવો નથી) તેમ છતાં દલીલ ખાતર જો માની લઇએ કે આ કામે

વાદીનો કબજો છે તો  કાયદાના પ્રસ્થાપિત  સિધ્ધાંત મુજબ  અને કાયદાની જોગવાઇ  મુજબ કોઇ પણ  મિલ્કત ઉપર  કબજો પ્રાપ્ત કરવા અંગેનો પ્રકાર હોય છે જેવો કે ગીરો, બક્ષીસ,વારસાઇ તથા કોઇ મનાઇ હુકમ આધારીત વગેરે કાયદામાં જણાવેલ પધ્ધતિ મુજબ જો મિલ્કતનો કબજો પ્રાપ્ત  થયો હોય તો તેવા સંજોગોમાં તે કબજો કાયદેસરનો કબજો ગણી શકાય  અને  ત્યારે તેવા કોઇ પ્રકારના  કબજાના આધારે  કોઇ પણ પક્ષકાર કબજો કલેઇમ કરતાં હોય તો અથવા  માલીકી કલેઇમ કરતા  હોય તો તેવા સંજોગોમાં તેવા માલીકી દસ્તાવેજ આધારે હોવી આવશ્યક છે.

જો પ્રસ્તુત કેસમાં  કલેકટરશ્રી  ધ્વારા  કોઇ આદેશ કરવામાં આવ્યો હોય તો તેવો આદેશ  પ્રથમ દર્શનિય રીતે પક્ષ નિવેદનના સમર્થનમાં વાદીએ રજુ કરવો જોઇએ પરંતુ તે રજુ કરવામાં  વાદી નિષ્ફળ ગયેલ છે તથા આ કામે સર્વે નં. ૬૪/૧ વાળી જમીનમાં કુલ ૩૮૮ પ્લોટ ફાળવ્યા છે તેવું કથન વાદીએ કરેલ છે તો તે અંગે સર્વે નં. ૬૪/૧ નું કોઇ પણ રેવન્યુ  રેકર્ડ  કે જેનાથી એવું પ્રથમ દર્શનિય  ફલીત  થાય છે કે  સર્વે નં. ૬૪/૧ વાળી જમીન  ફાજલ જમીન  સયાજીપુરામા આવેલ છે અને તેમાં પ્લોટો  ફાળવણી થયેલ છે પરંતુ  તે મુજબની કોઇ હકીકત આ કામે પ્રથમ દર્શનિય  રીતે  વાદીના સમર્થનમાં   માની શકાય તે માટે રેવન્યુ રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી. પ્લોટ ફાળવણી કરી હોય અને તેમાં પ્લોટ ફાળવણીમાં વાદીને પલોટ નં. ૩૪૨, ૩૪૩, ૩૪૬, ૩૪૭, ૩૪૮, ૩૪૯  મળેલ હોય તેવી કોઇ વિગતો જણાઇ આવતી નથી કે તેવો કોઇ આદેશ આ કામે રજુ કરવામાં આવેલ નથી અને જેથી  પણ  વાદીની આ વિગત  પ્રથમ દર્શનિયરીતે માનવા લાયક  જણાતી નથી .

વાદીએ પક્ષ નિવેદનમાં એવું પણ જણાવેલ છે કે આ અંગે તેઓએ ૩૦

૨૫૦/– રોકડા જમા કરાવેલા છે તે અંગે માર્ક ૪/૧ થી જે રસીદ છે તેમાં યુ.એલ.સી. ના પ્લોટ ફાળવણી અંગેની રકમ તેવું જણાવેલ છે પરંતુ તે કયા પ્લોટ માટે ભરેલ છે તેની કોઇ સ્પષ્ટતા નથી એટલું જ નહી પરંતુ જે રસીદ ફકત વાદી નં. ૧ ના નામની છે. આ કામે અન્ય વાદી નં. ૨ થી ૬ નાઓએ એવી કોઇ રસીદ રજુ કરેલ નથી એટલું જ નહી પરંતુ આ રસીદના આધારે વાદી તમામ દાવાવાળી મિલ્કતમાં કબજેદાર છે તેવુ માની શકાય તેમ નથી અને તેથી ફકત રસીદ માર્ક ૪/૧ થી રજુ કરવામાં આવેલ છે તેના આધારે વાદીની વિગતો માનવાલાયક જણાતી નથી કે વાદીઓ ત્યાં મકાનમાં ૩૦ વર્ષ ઉપરાંતથી વસવાટ કરે છે, એટલું જ નહી આ કામે વાદીઓના કથન મુજબ તેઓના ત્યાં મકાન આવેલ છે પરંતુ આ મકાન કયા પ્રકારના છે તેની કોઇ વિગતો નથી. તેવો કોઇ પુરાવો વાદીએ રજુ કરેલ નથી તથા તે મકાન ઉપયોગ કરવાની કોઇ પરવાનગી લીધેલ હોય તેવી પણ કોઇ વિગતો આ કામે જણાઇ આવતી નથી અને તેથી વાદીએ જે કાયદેસરની માપણી કરી અને ધારાધોરણ મુજબ મકાન બાંધેલ છે અને વિગતો જણાવી છે તે માનવા લાયક વિગતો જણાતી નથી, એટલું જ નહીં પરંતુ વાદીઓએ જે કથન કરેલ છે કે ફાજલ જાહેર થયેલ જમીનમાં ૧૯૮૯ માં પ્રતિવાદીઓ દ્વારા પ્લોટ ફાળવણી કરેલી અને તેમાં કલેકટરશ્રીના હુકમ અનુસાર તમામ વાદીઓએ સ્થાઇકરણ કરેલ પરંતુ તેનો કોઇ હુકમ રજુ કરેલો નથી તથા આ કામે વ્રજધામ સોસાયટીના માલીકોએ કોઇ ગેરકાયદેસરનું દબાણ કર્યુ હોય તે અંગેનું કાયદેસરનું દબાણ દર્શાવતો કોઇ દસ્તાવેજ આ કામે રજુ કરવામાં આવેલ નથી એટલું જ નહી પરંતુ વાદીઓ એવું કથન કરે છે કે વાદીઓના જે પ્લોટો છે તે એક લાઇનમાં આવેલ છે પરંતુ આ કામે

સી.પી.સી. ની જોગવાઇ મુજબ વાદીઓએ પોતાના દાવામાં જે મિલ્કતનું ચોકકસ વર્ણન કરવું જોઇએ જે દાવાવાળી મિલ્કત તરીકે પ્લોટ સંબોધવામાં આવેલ છે તે પ્લોટો ચોકકસ અસ્તીત્વમાં છે અને કઇ જગ્યાએ છે પ્લોટ આવેલ છે તે પ્રથમ દર્શનિય રીતે સ્પષ્ટ થતુ નથી અને તે અંગે સી.પી.સી. માં હુકમ ૭ નિયમ ૩ માં એવી સ્પષ્ટતા જોગવાઇ છે કે,

**<u>સી.પી.સી. હુકમ ૭ નિયમ ૩–</u>**

દાવાનો વિષય સ્થાવર મિલ્કત હોય ત્યારે– દાવાનો વિષય સ્થાવર મિલ્કત હોય, ત્યારે તે ઓળખાવી શકાય તેટલુ તેનું વર્ણન દાવા અરજીમાં લખવું જોઇશે અને તે મિલ્કત ચતુરસીમાથી અથવા જમાબંધીના જ કે મોજણીના રેકર્ડમાં નંબરથી ઓળખાતી હોય તે પ્રસંગે, તે ચતુરસીમા અથવા નંબર દાવા અરજીમાં જણાવવા જોઇએ.

આમ, ઉપરોક્ત કાયદાની જોગવાઇ જોંતા હાલના કેસના સંજોગો જોંતા વાદીએ કોઇ ચોકકસ વર્ણન આ દાવાવાળી મિલ્કતનું કરેલ નથી અને તેથી પણ ના. સુપ્રિમ કોર્ટ ના તથા વિવિઘ વડી અદાલતના ચુકાદાઓ મુજબ તથા કાયદાકીય જોગવાઇઓ મુજબ પણ જયારે મિલ્કતનું વર્ણન સ્પષ્ટ ન હોય તેવા સંજોગોમાં માંગ્યા મુજબનો પ્રતિવાદીના વિરૂઘ્ઘ આપી શકાય તેમ નથી.

આ કામે વાદીએ જે રોડ અંગેની તકરાર ઉપસ્થિત કરેલ છે તે ઉપસ્થિત કરવા ઉપરોક્ત જોગવાઇ જોતા વાદીને કોઇ લોકસ સ્ટેન્ડી જણાતી નથી પરંતુ તે રોડ કેટલા મીટરનો છે, ક્યાં આવેલો છે, તે રોડ ટી.પી. હેઠળ આવરી લેવામાં આવેલ છે કે કેમ , આ તમામ વિગતો પુરાવાનો વિષય છે જે અંગે ચોકકસપણે સરકારી રાહે, સરકારી દફતરે

રેકર્ડ ઉપલબ્ધ હોય પરંતુ  તેવું કોઇ રેકર્ડ આ કામે વાદીએ રજુ કરેલ નથી કે જેના આધારે વાદી  એવું કથન કરી શકે કે આ પ્રકારનો રોડ બનાવવાનો કોઇ હકક કે અધિકાર  નથી અથવા તો મકાન તોડી પાડવાનો કોઇ હકક કે અધિકાર નથી. આ કામે વાદીએ  જે ની. ૪/૧ થી ૪/૭ સુધીના દસ્તાવેજ રજુ કર્યા છે તે પ્રતિવાદી  તરફથી આપવામાં આવેલ નોટીસ છે તે તા. ૧૧/૮/૧૬ ની છે  જે નોટીસમાં  તેઓએ દબાણ  કર્યાનું સ્પષ્ટ જણાવેલ છે તેવા સંજોગોમાં  જ્યારે  વાદી પોતે  અદાલત સમક્ષ એવો કોઇ કેસ  લઇને આવતા હોય કે  તેઓએ દબાણ કરેલ નથી તો  વાદીએ પોતે પોતાની મિલ્કતના ચોકક્સ કબજા અંગેનો આધારભુત  પ્રથમ દર્શનિય પુરાવો રજુ કરવો જોઇએ કે જેનાથી  એવું સ્પષ્ટ ફલીત થાય કે વાદીનો અમુક ચોક્કસ પ્લોટ ઉપર ચોકકસ માપનો, ચોકકસ ચતુર દિશાવાળો, ચોકકસ તારીખે, ચોકકસ હુકમના  આધારે ફાળવણી કરવામાં આવેલ છે અને ત્યાં છેલ્લા ૩૦ વર્ષ  ઉપરાંતથી  કબજા ભોગવટામાં છે અને તેમા સામાન્ય  રોજીંદી જીવન જરૂરીઆતની  વસ્તુઓ જેવી કે વિજળી, પાણી, મ્યુનીસીપલ  કોર્પોરેશનમાં ભરવા પડતા વેરા, હાઉસ ટેકસ વિગેરે છેલ્લા ૩૦ વર્ષ  ઉપરાંતથી  ભરતાં આવેલા છે પરંતુ આવી પ્રકારના કોઇ  પ્રથમ દર્શનિય દસ્તાવેજો વાદીએ પોતાના  પક્ષ નિવેદનના સમર્થનમાં  મનાઇ હુકમ માટે જે માંગવામાં આવ્યો છે તે મેળવવા માટે રજુ કરી  શક્યા નથી અને જેથી પણ હાલની તબકકે જયારે  પ્રતિવાદી એક અર્ધ સરકારી સંસ્થા છે  અને કાયદાના ધારા ધોરણ મુજબ તેઓએ  નોટીસ આપેલ છે તે નોટીસના આધારે એક  કાયદેસરની પ્રક્રીયા  છે તે પ્રક્રીયા અંગે  યોગ્ય આધારભુત પુરાવા સહીત હાજર રહેવું જોઇએ  પરંતુ તેમ કરવામાં વાદી નિષ્ફળ ગયેલ છે. આમ, વાદીઓએ જે માર્ક ૪/૮ થી  ૪/૯ સુધીના જે

જવાબ રજુ કરેલ છે તે પણ વાદીના પક્ષનિવેદનના સમર્થનરૂપ છે પરંતુ તેનો કોઇ આધારભુત પુરાવો રજુ કરેલ નથી અને તેથી તેવા સંજોગોમાં વાદીની હાલની વિગતો માનવા લાયક જણાતી નથી.

આ કામે ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત જોંતા તથા કાયદાકીય જોગવાઇ જોંતા એવું સ્પષ્ટ જણાઇ આવે છે કે આ કામે વાદી પાસે આ મિલ્કત કાયદેસરરીતે કબજામાં હોય તેવી કોઇ વિગતો જણાતી નથી અને ત્યારે પ્રતિવાદી નં.૧ અ જે તકરાર ઉપસ્થિત કરી છે તે ધ્યાને લેતા અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોઇ નામંજુર કરવામાં આવે છે.

આમ, આ કામે વાદીનો પ્રથમ દર્શનિય કેસ જણાતો નથી. ન્યાયની સમતુલા પણ વાદીના લાભમાં જણાતી નથી તથા વાદીઓને જો મનાઇ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઇ થઇ શકે નહી તેવું નુકસાન થવાની સંભાવના જણાતી નથી કારણ કે અદાલત ભાવનાથી નહી પરંતુ કાયદાકીય જોગવાઇઓ અને કાયદાના આધારીત ચુકાદા આપવા માટે હોય છે. પ્રસ્તુત કેસમાં વાદીની જે રજુઆત છે કે તેઓ ગરીબ છે અને મકાનમાં પોતાના કુટુંબ કબીલા સાથે રહે છે પરંતુ કોઇ પણ મિલ્કત ઉપર માલીકી અથવા કબજો અધિકાર વિના કર્યો હોય તો તે ગેરકાયદેસર ગણાય અને તેવા ગેરકાયદેસરના કબજાને રક્ષણ આપી શકાય નહી તેવા ના. સુપ્રિમ કોર્ટ તથા વિવિધ અદાલતોના ચુકાદાઓ પણ છે ત્યારે દલીલ ખાતર વાદીનો કબજો છે તેવું માની પણ લઇએ તો પણ કબજો કયા સ્થળ ઉપરનો છે તેની કોઇ ચોકકસ વિગતો નથી , કબજો શાના આધારે તેવી વિગતો નથી અને તેથી ઉપરોકત ચર્ચા તથા નીચે મુજબની કાયદાકીય જોગવાઇઓ જોંતા અરજી મંજુર કરવાપાત્ર જણાતી નથી.

## ૬. **કાયદાકીય મુદ્દાઓ અંગે ચર્ચાઃ–**

આ કામે રેકર્ડની પરિસ્થિતિ જોંતા તથા કાયદાકીય પરિસ્થિતિ જે ના. સર્વોચ્ચ અદાલત તથા વિવિધ વડી અદાલતે પોતાના વિવિધ ચુકાદાઓમાં ઠરાવેલ છે તે પ્રસ્થાપિત સિધ્ધાંતો અંગે અનુવાદ કરવાથી તેના અર્થઘટનમાં ફેરફાર ન થાય તે શુભ આશયથી અનુવાદ કર્યા વગર તે સિધ્ધાંત નીચે મુજબ અંગ્રેજી ભાષામાં રજુ કરેલ છે.

**Settled legal position regarding grant of injunction**

Now as per the law no interim relief can be granted by the Civil Court under Order 39, Rule 1 of the code of Civil Procedure. when no such case is established here plaintiff had failed to establish such case.

It is settled law that Civil Court has jurisdiction to grant an injunction to protect any legal right of person the Provisions and Legal Position is as under :-

While dealing with an application for temporary injunction that the Court has to see that whether such a person is having legal right and having regard to the balance of convenience and other factors it is necessary to protect his legal right till the decision of the suit. If the plaintiff is alleging that he has legal right and therefore he wants his legal right to be protected by an appropriate order made under order 39, Rule 1 of the CPC then the court considering whether he is having prima facie legal right other such factors as the balance of convenience can give interim relief by way of injunction restraining the

defendants from disturbing plaintiff's legal right. No interim relief can be given by the Civil Court under Order 39, Rule 1 of the code of Civil Procedure if plaintiff has not got any such case. But here it do not appears that plaintiff is not having any legal right.

Hence at this juncture, injunction against the defendant cannot be granted. Hence at this stage if prima facie appears that plaintiff is not having legal right hence no interim relief can be granted to plaintiff.

(a) The principal is well settled that in granting or withholding an injunction, the courts exercise a judicial discretion and weigh the amount of substantial mischief done or threatened to the plaintiff and compare it with that which injunction if granted would inflict upon the defendant is held in, "Shamnagger Jute factory co. v. Ramnarain also Quoted in callianji v. narshi tricum, But discretion when applied to a court of law means discretion guided by law. It must be governed by rule and not by humour. It must not be arbitrary, vague and fanciful but legal and regular" as per lord Mansfield cited in Harbuns v. Bhario, Whether the injunction sought is temporary or perpetual, the jurisdiction to grant is, as in the case of specific performance, discretionary. If There is a serious disputed question to be tried in the suit and that an act on the facts before the court there is a probability of his being entitled to the relief asked for by the plaintiff/defendant; (2) the courts interference is

necessary to protect the from the species of injury, In other words, irreparable injury or damage would ensue before the legal right would be established at trial but here it do not appears so that above principle for granting an injunction is fulfilled in this case.

(b) It is settled Principle that it is not sufficient reason for the purpose of issuing a temporary injunction that the suit would be infructuous if it did not issued.

(c) As per Law “An injunction should only be awarded to those whose conduct entitles to the interference of a Court of equity.” As the relief is purely of equitable character the plaintiff must satisfy the court that his own conduct and dealings in the matter has been fair and honest and free from any taint of fraud or illegality for, he who comes into equity must come clean hands. He must not be himself at fault. “When the conduct of the applicant or his agent has been such as to dis-entitle him to the assistance of the Court” injunction will not be granted. Where the plaintiff suing for injunction filed his suit on the last day of limitation it was held that the infringement complained of was not such as involved “Irreparable damage” or made “the danger imminent” here also it prima facie appears that plaintiff had caused delay in filing the suit as delay defeats equities to operate as a bar to relief by way of injunction the delay should be such as to amount to the waiver of the plaintiff’s right by acquiescence or where by his conduct

and neglect he has, through perhaps not waiving that remedy, yet put the other party in a situation in which it would not be reasonable to place him if the remedy were after-wards to be asserted, e.g. when the delay has prejudiced the defendant. here by plaintiff conduct appears that their is neglect in filling the suit as the essence of an application for interlocutory injunction that it should be made with promptness. Improper delay although it does not amount to acquiescence, has often been held to deprive a plaintiff of his right to an interlocutory injunction.

(d) The remedy by injunction is no doubt a useful but it is at the same time a very strong remedy and should not be arbitrarily granted where any other remedy is fairly open to the applicant or where the conduct of the parties had been such as to make it a harsh remedy to give in particular case. In accordance with a favorite maxim of equity jurisprudence that the applicant who applies for equity must have done it a party applying for injunction must come into court with clean hands and a clear conscience. As the relief is purely of equitable character, the plaintiff must come within the equitable character; the plaintiff must come within the equitable conditions generally imposed upon parties asking equitable relief. The party seeking the relief must not himself be at fault.

As held in the case of Nabekishore Sahu v. M/s. East India Arms Co. AIR 1998 Orissa 93, an injunction being an

equitable relief the person seeking injunction must come with clean hands. The well known maxim that applies in such matter is, “He who seeks equity must do equity must do equity. he who comes into equity must come with clean hands; equity acts the vigilant not the indolent’. it needs no reminding that injunction are a form or equitable relief and have to be adjusted in aid of equity and justice to the facts of each particular case. No court has ventured to lay down absolute propositions and thereby forge fetters, as stated in the case of T.A. George v. D.D.A., since the relief in wholly equitable in nature the party invoking the jurisdiction of the court has to show that he himself was not at fault and that he himself was not responsible for bringing about the state of things complained of that he was not unfair or inequitable in his dealings with the party against whom he was seeking relief. His conduct should be fair and honest, as held in the case of M/S. Gujarat Botting Co.ltd. V Coca Cola Company, AIR 1995 SC 2373.

The Jurisdiction to grant an order of temporary injunction which is purely an equitable relief, apart from other considerations will look to the conduct of the party invoking the jurisdiction of the court and may refuse to grant the equitable relief unless his/her conduct is free from blame. Since the relief is wholly equitable in nature the party invoking the jurisdiction has to show that he/she was not at all at fault, as held in the case of Kasturibai v.

Corporation of City of Hubli-Dharwad,

The suppression of material fact by itself is a sufficient ground to decline the discretionary relief of injunction. A party seeking discretionary relief has to approach the court with clean hands and is required to disclose all material facts which may one way or the other, affect the decision. A person deliberately concealing material facts from court is not entitled to any discretionary relief. The court can refuse to hear such person on merits. An held in the case of Seemax Construction (p) ltd. v. State Bank of India, a person seeking relief of injunction is required to make honest disclosure of all process of court. In the case of Udai Chand v. Shankar Lal, AIR 1978 SC 265, Misstatement of material fact was held to have amounted to serious misrepresentation. Here by readings pleading and considering the legal position, hence not entitled to any relief.

**(e) General Condition/necessary Regarding grant of interim injunction :-**

(a) The court will have to apply its mind whether the plaintiff has prima facie case and whether balance of convenience is in his favour, as held in Chunni v. Sullahar, AIR 1972 All 418.

(b) To succeed in such an action, the plaintiff must show a strong case of probability that the apprehended mischief will in fact arise but here it is not so.

The plaintiff must show that the interference of the court is necessary to project him from irreparable or at least serious injury but looking to facts of case it do not appear so.

(c) By the term “irreparable injury” is meant substantial injury which can never be adequately remedied or atoned for by damages but here it is not so.

(d) An injunction can not be granted as a matter of course in every case of actual or threatened injury. An injunction can not be granted when the remedy in damages is considered adequate.

(e) It is only when damages are not adequate or when ascertainment of damages is not practicable or when pecuniary compensation cannot be recovered.

(f) Where balance of convenience is not established in favour of the plaintiff, resultant injuries not shown and incapability of being compensated was also not shown, in such circumstance no prima facie case is held made out consequently the plaintiff is not entitled to ad interim injunction here in this case no prima facie case is made out.

(g) It is settled law that the court will have to apply its mind whether the plaintiff has prima facie case.

(h) Whether prima facie case made out.-

It is the bounden duty of the Court to examine in detail with reference to the specific material on record to find out whether prima facie case is made out or not in whose favour

does the balance of convenience lie; and whether the party suffers any irreparable loss if injunction is refused. Here it appears that plaintiff is not going to suffer any irreparable loss if injunction is not issued.

(i) Now settled Condition for grant of interlocutory injunction is as under.

In order to obtain an interlocutory injunction it is not enough for the plaintiff to show that he has a prima facie case. He must further show that :

In the event of withholding the relief of temporary injunction he will suffer an irreparable injury.

In the event of his success in the suit in establishing his alleged legal right encroachment whereof is complained against he will not have the proper remedy in being awarded adequate damages;

The plaintiff must show a clear necessity for affording immediate protection to his legal right, If any and,

Lastly the court has to take into consideration the comparative mischief or inconvenience to the parties.

Hence as per the law It is the duty of the trial court to see that the proper case is made out for grant of injunction. Proper apprehension should also be pleaded and proved. If any application is filed in a cursory and casual manner in such cases the court is required to deal the same in legal manner and the court should not pass orders beyond the relief claimed or prayed for or any order arbitrarily. But

herein this case plaintiff had failed to show the court that above all conditions are fulfilled in support his case.

(j) As observed by Hon'ble Supreme Court that, it must be borne in mind that injunction being a discretionary remedy, a court may not grant an order of injunction. Even if all the three necessary ingredients are established and those ingredients are prima facie case of infraction of legal rights, such infraction causes irreparable loss and injury to the plaintiff and the injury is of such nature that it cannot be compensated by way of damages.

આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં વાદીની અરજી મંજુર કરવાપાત્ર જણાતી નથી અને તેતી રેકર્ડ પરના રજુ થયેલ દસ્તાવેજો અને તમામ રેકર્ડ પક્ષકારો તરફની રજુઆત જોંતા અરજી નામંજુર કરવાપાત્ર જણાતી હોઇ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

આંક–૫ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

પક્ષકારે પોતે પોતાનો ખર્ચ ભોગવવો.

હુકમ આજરોજ તારીખ ૧૨ મી માહે મે સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તા.૧૨/૦૫/૨૦૧૭ (આશુતોષ રાજ પાઠક )

વડોદરા. ૧૬ માં એડી.સીનીયર સીવીલ જજ

વડોદરા

જીજે૦૦૯૪૯

snpatel